# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૩૦/૯/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## ચેમ્બર, ઓરો યુનિવર્સિટી અને યુનિવર્સલ મેનેજમેન્ટ ફોરમ દ્વારા ઓરો યુનિવર્સિટી ખાતે નેશનલ એચ.આર. કોન્ફરન્સ યોજાઇ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ઓરો યુનિવર્સિટી અને યુનિવર્સલ મેનેજમેન્ટ ફોરમના સંયુકત ઉપક્રમે શનિવારે, તા. ૨૮ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ સવારે ૯:૦૦થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ઓરો યુનિવર્સિટી ખાતે આખા દિવસની નેશનલ એચ.આર. કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે યુનિયન બેંક ઓફ ઇન્ડીયાના ચેરમેન શ્રી કેવલ હાંડા ઉપસ્થિત રહયા હતા. દીપ પ્રાગટય વિધી સાથે કોન્ફરન્સની શરૂઆત કરવામાં આવી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદબોધનમાં જણાવ્યુ હતુ કે, સુરતમાં ટેક્ષ્ટાઇલ, ડાયમંડ, એકવા કલ્ચર, એગ્રી ફૂડ અને કન્સ્ટ્રકશન બિઝનેસ ડેવલપ થયા છે. કમનસીબે આ ઉદ્યોગોમાં જનરેશન ટુ જનરેશન બિઝનેસ થતો આવ્યો છે. પરંતુ હવે એચ.આર. પોલિસીનો યુગ છે. વિશ્વમાં સ્પર્ધા જામી છે ત્યારે આપણા બિઝનેસમાં પણ એચ.આર. અમલીકરણની જરૂરીયાત છે. ત્રણ મિલીયન લોકો ટેક્ષ્ટાઇલ બિઝનેસમાં છે ત્યારે સુરતને બ્રાન્ડ તરફ લઇ જવાનો પ્રયાસ કરવાનો છે.

ઓરો યુનિવર્સિટીના ડીન ડો. રોહિત સિંઘે કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યુ હતુ કે, બિઝનેસમાં પ્રોડકટીવિટી ગ્રોથ અને ટર્નઓવર માટે એચ.આર. અમલીકરણ જરૂરી છે. એચ.આર. મેનેજરમાં રહેલી કવોલિટી કંપનીના પ્રોડકટીવિટી ગ્રોથ માટે ખૂબ જ અસરકારક સાબિત થાય છે. સારા પગારધોરણ માટે સ્કીલ પોટેન્શીયલ અને કંપની માટે કન્ટ્રીબ્યુશન જરૂરી છે. એચ.આર. મેનેજર માટે સ્ટાફ રિક્રુટમેન્ટ જરૂરી છે. ઓર્ગેનાઇઝેશનમાં સ્ટાફની ટ્રેનીગ અને સ્કીલ ડેવલપમેન્ટ પણ એટલી જ જરૂરી છે.

યુનિયન બેંક ઓફ ઇન્ડીયાના ચેરમેન શ્રી કેવલ હાંડાએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, ઓર્ગેનાઇઝેશનને પ્રગતિની દિશામાં લઇ જવા માટે ફિઝીકલ અને ડિજીટલ પર્સનને હાયર કરવાના હોય છે. એચ.આર. મેનેજરને કર્મચારીઓના બિહેવીયરલ ચેન્જીસને સમજવા પડશે. આજનો યુવા શુ કરવા માગે છે તે મહત્વનુ છે. હવે વર્ક ઓફ પ્લેસ મહત્વનુ રહયુ નથી, હાલ કામનુ ઇમ્પેકટ મહત્વનુ સાબિત થઇ રહયુ છે. એવુ પણ જરૂરી નથી કે ફુલટાઇમ કર્મચારી હોવો જોઇએ. કામની જરૂરિયાત પ્રમાણે પાર્ટટાઇમ કર્મચારી પણ રાખી શકાય છે. એવી ઘણી બધી બાબતો વિશે એચ.આર.ને વિચારવુ પડશે. એચ.આર.માં ટ્રાન્સપરન્સી હોવી જોઇએ. ઓર્ગેનાઇઝેશનમાં કલ્ચર કઈ રીતે બદલી શકાય છે તે વિચારવુ પડશે. ઓર્ગેનાઇઝેશનમાં હેપ્પીનેસ માટે વિચારવુ પડશે. બિઝનેસ ટ્રાન્સફોર્મેશન લાવવાની રહેશે.

તેમણે વધુમાં કહયુ હતુ કે, એચ.આર.ને તેમજ મેનેજમેન્ટને સ્ટાફ કર્મચારીઓને ઓળખવા પડશે. તેઓની યુનિક સ્કીલ્સ અને ઇન્ટરેસ્ટને ઓળખવુ પડશે. તેઓ કઈ દિશામાં કારકિર્દી બનાવી શકે છે તે પણ વિચારવુ પડશે. ૮૦ ટકા કર્મચારીઓ ઓર્ગેનાઇઝેશનની સાથે એન્ગેજ હોતા નથી. જેથી તેઓને ઓર્ગેનાઇઝેશનની સાથે એન્ગેજ કરવા માટે આ બધી બાબતો વિશે વિચારવુ પડશે. પ્રમોશન અને પર્ફોમન્સ મેનેજમેન્ટ પણ જરૂરી છે. ઓર્ગેનાઇઝેશનમાં કઈ ખોટુ થતુ હોય તો તે અંગે વાત કરવાની ક્ષમતા પણ એચ.આર. મેનેજરમાં હોવી જોઇએ.

રેમન્ડ લિમિટેડના એચ.આર. હેડ શ્રી કે.એ. નારાયણે 'એટ્રેકટીગ બેસ્ટ ટેલેન્ટ વીધાઉટ એસ્ટાબ્લીશીગ એમ્પ્લોયર બ્રાન્ડ' વિષય ઉપર વકતવ્ય રજૂ કર્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે, ઓર્ગેનાઇઝેશને ટેલેન્ટને ઓળખવુ પડશે. મિલેનીયલ્સ અને અન્યોમાં જોબ માટેની પસંદ જુદી–જુદી હોય છે. જયાં કામની અને કર્મચારીની કદર થતી હોય ત્યાં જ કેટલાક કર્મચારીઓ કામ કરવાનુ પસંદ કરતા હોય છે. આથી કેટલાક કર્મચારીઓ ઇચ્છતા હોય કે મારી ક્ષમતા પ્રમાણે મને હાયર કરો અને મને કામની ફ્રિડમ આપો. મિલેનીયલ્સ માટે ઇકો સિસ્ટમ પણ ઉભી કરવાની રહેશે. જો કંપનીનુ પર્ફોમન્સ નહી હોય તો ત્યાં કર્મચારીઓના ટેલેન્ટનો કોઇ મતલબ નથી. કંપનીઓ નાની હોય છે પણ ત્યાં પર્સનલ એટેચમેન્ટ મળતુ હોવાથી કર્મચારીઓ કંપની છોડીને જતા નથી.

કોન્ફરન્સમાં કી–નોટ સ્પીકર તરીકે જે.એસ.ડબ્લ્યુ. ગૃપના વાઇસ પ્રેસિડેન્ટ એન્ડ એચ.આર. હેડ શ્રી નવીન કુમાર 'હાઉ ટુ ક્રિએટ એન એમ્પ્લોયર બ્રાન્ડ ફ્રોમ ધી સ્ક્રેચ' વિષય ઉપર વકતવ્ય રજૂ કરતા જણાવ્યુ હતુ કે, માત્ર મશીનરી અને મોટી બિલ્ડીગોથી કશુ થતુ નથી. ટોપ મેનેજમેન્ટે કર્મચારીઓને પ્રથમ ધ્યાનમાં લેવાનુ હોય છે. ટેકનોલોજી અપગ્રેડ થઇ રહી છે તથા રોબોટ્સ અને મશીનરી બની રહી છે પણ મનુષ્યનુ સ્થાન કોઇ જ નહી લઇ શકશે.

કોન્ફરન્સમાં 'ફયુચર ઓફ વર્કપ્લેસ ઈન સ્પેશિયલ રેફરન્સ ટુ હયુમન કેપિટલ' વિશે પેનલ ડિસ્કશન યોજાઇ હતી. જેમાં એલ એન્ડ ટીના ચીફ એડમિનિસ્ટ્રેશન ઓફિસર શ્રી અતીક દેસાઇ, આઇબીએમ ઇન્ડીયાના એચ.આર.હેડ સુશ્રી મંદીપ કૌર, એસ્સાર પાવરના એચ.આર. હેડ સુશ્રી સંગીતા સિંઘ અને જશલોક હોસ્પિટલના એચ.આર. એન્ડ એમ્પ્લોઇ રિલેશન્સના ડાયરેકટર શ્રી સુનિલ કરંજીકરે ભાગ લીધો હતો તેમજ આ વિષય ઉપર ચર્ચા કરી હતી.

પેનલ ડિસ્કશન બાદ મેનકાઇન્ડ ફાર્માના એસવીપી એન્ડ એચ.આર.ના ગૃપ હેડ શ્રી ફરહાત ઉમર દ્વારા 'ઇન હાયપર કોમ્પીટીટીવ ગ્લોબલ એન્વાયરમેન્ટ : અ નીડ ફોર રિ–સ્કીલીગ ધી એચ.આર. વિષય ઉપર વકતવ્ય રજૂ કરવામાં આવ્યુ હતુ. જયારે કોગનોઝ રિસર્ચ એન્ડ કન્સલ્ટીગના ફાઉન્ડર ડાયરેકટર શ્રી મનીષ પ્રસાદ દ્વારા 'ટ્રાન્સફોર્મેશનલ એચ.આર. કલ્ચર ફોર સર્વાઇવીગ ઈન વુકા વર્લ્ડ' વિષય ઉપર વકતવ્ય રજૂ કરવામાં આવ્યુ હતુ.

ત્યારબાદ 'રીવીલિંગ ધી બિઝનેસ કેસ ફોર હયુમન કેપીટલ ઇન્વેસ્ટમેન્ટ : એ સી – સ્યુટ વ્યુ' વિષય ઉપર પેનલ ડિસ્કશન યોજાઇ હતી. જેમાં ચેરમેન તરીકે સિનિયર કોર્પોરેટ ટ્રેનર શ્રી મૃણાલ શુકલ, શ્રી રામક્રિષ્ણ એક્ષ્પોર્ટ્સના સીએચસીઓ ડો. નિરવ મંડિર, તાજ હોટેલ્સના જીએમ શ્રી અવીક સેનગુપ્તા અને યુનિવર્સલ ગૃપના એમડી એન્ડ સીઇઓ શ્રી પ્રશાંત ખંબસવડકર ભાગ લીધો હતો અને સંબંધિત વિષય ઉપર ચર્ચા કરી પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

આ કોન્ફરન્સમાં ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇ, ઇવેન્ટ્સ એન્ડ પ્રોગામ્સ સેલના કન્વીનર શ્રી સંજય ગજીવાલા, આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ કમિટીના કો – ચેરમેન શ્રી કશ્યપ પંડયા અને કોન્ફરન્સ, વર્કશોપ અને કોન્કલેવ કમિટીના ચેરમેન શ્રી સુનીલ જૈને પ્રાસંગિક વિધી કરી હતી. ચેમ્બરના એડમિનિસ્ટ્રેશન સેલના હેડ શ્રી અતુલ પાઠકે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કોન્ફરન્સનુ સમાપન થયુ હતુ.